



સુવિચાર : આનંદ અને લાલચ ક્યારેક એકબીજાનો ચહેરો જોઇ શકતા નથી પછી તે પરસ્પરના મિત્ર હોય તેવું સંભવે શી રીતે? - એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨૦ | ૯ જુલાઇ, ૨૦૧૫, ગુરૂવાર ; અધિક અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નાગરિક બેંકની ચૂંટણીમાં નવો વળાંક

**બોર્ડ ઓફ નોમીનીએ છ ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય રાખતાં બદલાતું ચૂંટણી ચિત્ર : હવે ૨૩ ઉમેદવારો વચ્ચે જંગ જામશે : ૧૩ ઉમેદવારોની પરિવર્તન પેનલ સામે ૧૦ ઉમેદવારોની પેનલ વચ્ચે જંગ રસાકસીભર્યો બનશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટમાં છ ઉમેદવારોની ઉમેદવારી માન્ય રાખવામાં આવતાં આ ચૂંટણી જંગ હવે તીવ્ર રસાકસીભર્યો છે.

બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટમાં છ ઉમેદવારો શ્રી શંકરભાઈ પટેલ (રાંધેજા), શ્રી નીમેષભાઈ પટેલ (રાંધેજા), શ્રી રજનીકાન્ત પટેલ (ગાંધીનગર), શ્રી કમલેશભાઈ જોશી (સરગાસણ), શ્રી મહેશભાઈ પટેલ (પૂર્વ સરપંચ ઉનાવા) અને શ્રી ભરતભાઈ પટેલ (ખોરજ) દ્વારા કરાયેલી રજુઆતોને માન્ય રાખી ચૂંટણી અધિકારીના નિર્ણયને ફગાવી દેવાયો હતો તેમજ ચૂંટણી અધિકારીએ રજુ કરેલા કારણો ગ્રાહ્ય રાખી શકાય તેવા નહિ હોવાનું નોંધ્યું છે.

આજે બપોર પછી આ ચુકાદો આવી જતાં સહકારી ક્ષેત્રના આગેવાનોમાં ભારે દોડધામ મચી જવા પામી છે. તો આ ચુકાદાની નકલ સાથે જે છ ઉમેદવારોની ઉમેદવારી માન્ય થઈ છે તેમણે બેંક સત્તાવાળાઓને જાણ કરી આગળની કાર્યવાહી કરવા આગ્રહ કર્યો છે.

હવે નાગરિક બેંકની ચૂંટણી ૨૩ ઉમેદવારો વચ્ચે લડાશે. જે રીતે ચૂંટણી અધિકારીના નિર્ણયની બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટમાં પીછેહઠ થઈ છે તેને સહકારી આગેવાનો સત્તાધારીઓ સામેનો પ્રથમ વિજય લેખાવી રહ્યા છે.

આ ચૂંટણીમાં હવે બે પેનલ બનવા પામી છે. છ ઉમેદવારો મેદાનમાં આવતાં તેમણે પાવર પેનલ નામ આપી જંગને વધુ રસાકસીભર્યો બનાવવા કમ્મર કસી છે. આ પેનલના કાર્યાલયનું ઉદ્‌ઘાટન પણ આજે થનાર હોવાનું જાણવા મળેલ છે.

## ગાંધીનગર શિક્ષણમાં મોડેલ ડિસ્ટ્રીક્ટ બનવા સમર્થતા કેળવે : વાનાણી

**ગુણોત્સવ-પના પરિણામો પછી યોજાયેલ ચિંતન શિબિરમાં રાજ્ય શિક્ષણ મંત્રી જોડાયા**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કૌશલ્ય અને ઈચ્છા શકિત બે એકબીજામાં ભળી જાય તો તેને મોડેલ ડિસ્ટ્રીકટ શિક્ષણ ક્ષેત્રે બનતાં કોઈ રોકી શકે તેમ નથી તેવું રાજયમંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ આજે જિલ્લાની ચિંતન શિબિરમાં ઉચ્ચાર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે એટલું જ નહિ સારા સંકુલો અને સારું વાતાવરણ પણ છે ત્યારે શિક્ષકો તેમની કૌશલ્યતા અને ઈચ્છા શકિતને એક બીજામાં ભેળવી આગળ વધે તે જ સમયની માંગ છે.

તેમણે જણાવ્યું હતું કે ગુણોત્સવ-પનું પરિણામ સૌની આંખ ઉઘાડવા માટે પુરતુ છે. આ માટે હવે આત્મમંથનની સાથે સાથે કર્મની પણ આવશ્યકતા છે.

રાજયમંત્રીશ્રી વાનાણીએ જણાવ્યું હતું કે ગુણોત્સવના પરિણામમાં ખાનગીશાળાના પરિણામો પણ નબળા આવ્યા છે એટલે સ્પર્ધામાંથી આપણે ખસી જઈએ તે વાત હવે કરવી બરાબર નથી.

જિલ્લામાં વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી ઉપચારાત્મક વર્ગોનું

● અનુસંધાન પાન-૨ પર



પુષ્પ સૌંદર્ય - પ્રાકૃતિક સૌંદર્ય પુષ્પ દ્વારા પ્રગટે છે... પ્રકૃતિનો પરમ વૈભવ ગાંધીનગરમાં અનેક રીતે અનુભવાય છે... નયનરમ્ય રંગોથી પ્રગટેલુ આ પુષ્પ પ્રકૃતિની દિવ્યતા અને ભવ્યતાનો સ્પર્શ કરાવે છે... આંખને પણ ગમે છે અને હૃદયને પણ ગમે છે... અને એ જ પુષ્પની દિવ્યતા છે... કેવા બદલાતા રંગો અને કેવું રંગોનું અદ્દભૂત સંયોજન આ પુષ્પમાં પ્રગટે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

## જિલ્લા પંચાયત દ્વારા ૨૪મીએ યોજાશે અનોખો સન્માન સમારંભ

**પંચાયતના પૂર્વ પદાધિકારીઓ અને સ્વાતંત્ર્ય સેનાની તેમજ શતાયુ આયુ ધરાવતા વડીલોનું સન્માન : તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં પંચાયતના પૂર્વ પદાધિકારીઓને સન્માનિત કરવાનો એક સમારોહ આગામી ૨૪મીએ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાશે.

રાજયના પંચાયત વિભાગ દ્વારા આ કાર્યક્રમ દરેક જિલ્લામાં યોજવામાં આવનાર છે. આ અંગેના આયોજનની તૈયારી તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે અને એકાદ દિવસમાં જ આ અંગેના સ્થળની પસંદગી સાથે સાથે સમગ્ર કાર્યક્રમની આખરી રૂપરેખા તૈયાર કરી દેવામાં આવશે.

રાજય સરકાર દ્વારા આ કાર્યક્રમના આયોજન અંગે પંચાયત પ્રમુખો અને અધિકારીઓ સાથે બેઠક કરી આયોજનની રૂપરેખાનું માર્ગદર્શન આપી દેવાયું છે.

તાજેતરમાં અર્થાત બે દિવસ પૂર્વ જ પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભિમજયાણીની આગેવાનીમાં શાખાધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી હતી તેમજ કાર્યક્રમની સફળતા માટે વિવિધ સમિતિઓની રચના કરી અધિકારીઓને જવાબદારી પણ સોંપી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ સમારોહમાં જિલ્લા પંચાયતના પૂર્વ હોદ્દેદારો અને સભ્યો ઉપરાંત જિલ્લામાં રહેતા સ્વાતંત્ર્ય સેનીઓ તેમજ શતાયુથી વધુ આયુ ધરાવતા વડીલોની વંદનાનો કાર્યક્રમ થશે. આ માટેની લગભગ તૈયારીઓ થઈ ચુકી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી શ્રી નીતનભાઈ પટેલ ઉપરાંત વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર ઉપસ્થિત રહેનાર છે.

## મામલતદાર અને પ્રાંત કચેરી સહયોગ સંકુલમાં ખસેડાશે

**સહયોગ સંકુલમાંથી ત્રણ કચેરીઓને આજ સંકુલમાં અન્ય જગ્યા ફાળવી દેવાશે : તંત્ર દ્વારા કવાયત વેગીલી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા સેવા સદનમાં બેસતી મામલતદાર કચેરી અને પ્રાંત કચેરીને જિલ્લા કચેરીઓ માટે બનાવાયેલ સહયોગ સંકુલમાં ખસેડવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ બન્ને કચેરીઓના વધતા જતા કાર્યભારણને લઈ વધુ જગ્યાની જરૂરિયાત તેમજ કલેક્ટર કચેરીનું સંપૂર્ણ સ્વાયત્ત બિલ્ડીંગ અને તે હેતુસર આ કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ સહયોગ સંકુલમાં પહેલા અને ત્રીજા માળની જગ્યાનો ઉપીયોગ આ બન્ને કચેરીઓને સમાવવા માટે કરાશે. આ માટે આ બન્ને મજલે આવેલી ત્રણેક કચેરીઓને આ બિલ્ડીંગમાં જ બીજી જગ્યા ફાળવી એડજેસ્ટ કરવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા આ જગ્યાઓના નિરીક્ષણની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને હવે દરખાસ્ત આ સપ્તાહના અંત સુધીમાં તૈયાર કરી નવી જગ્યાની ફાળવણી સાથેના હુકમો જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા કરવામાં આવશે.

સહયોગ સંકુલમાં જગ્યા ફાળવણી અંગેની સત્તાઓ કલેક્ટર હસ્તક છે. સહયોગ સંકુલમાં હજુ ઘણી જિલ્લા કચેરીઓ કાર્યરત થઈ નથી તેમજ જગ્યા વણવપરાયેલી છે તેવા સંજોગોમાં હાલ ભોયતળિયે બેસતી ચેરીટી કમિશનરશ્રીની જિલ્લા કચેરી, સમાજ સુરક્ષાની કચેરી અને અન્ય એક કચેરીને ઉપરના માળે ખસેડવામાં આવશે.

ભોયતળિયે મામલતદાર કચેરી માટે જગ્યા ફળવાશે તેમજ ઈ. ધરા માટે પણ અલગ જગ્યા ફળવાશે.

● અનુસંધાન પાન-૨ પર







